MAHARAJA KRISHNAKUMARSINHJI BHAVNAGAR UNIVERSITY

# મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

નેક પ્રમાણિત "બી" ગ્રેડ

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, ગૌરીશંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪ ૦૦૧. ગુજરાત. ફોનઃ (P.B.X.) ૨૪૩૦૦૦૨–૬–૭/ ૨૫૧૧૧૫૬
કુલપતિઃ (ઓ) ૨૪૨૬૫૧૯ (ઘર) ૨૪૨૯૦૮૬ કુલસચિવઃ (ઓ) ૨૪૨૮૦૧૪ ફેકસઃ (૦૨૭૮) ૨૪૨૬૭૦, ૨૫૧૩૯૪૩
ઈમેઈલઃ registrar@mkbhavuni.edu.in વેબસાઈટઃ www.mkbhavuni.edu.in

એકેડેમિક / વિદ્યા / ૧૭૧૨ / ઈ-મેઈલ/ ૨૦૧૬ તાઃ ૨૩ / ૦૯ / ૨૦૧૬

સંદર્ભઃ (૧) એકેડેમિક કાઉન્સિલ તાઃ ૩૧/૦૫/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૦૩)
(૨) એકેડેમિક કાઉન્સિલ તાઃ ૨૧/૦૬/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૦૬)
(૩) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તાઃ ૨૨/૦૬/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૪)
(૪) પેટા સમિતિ દ્વારા આવેલ અહેવાલ તાઃ ૨૧/૦૯/૨૦૧૬
(૫) આ વિભાગની કાર્યાલય નોંધ તાઃ ૨૨/૦૯/૨૦૧૬ પરનો આદેશ

## પરિપત્રઃ

આથી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, મેનેજમેન્ટ અને ગ્રામવિદ્યા વિદ્યાશાખાઓ અંતર્ગત આવેલ સંચલિત/સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૬–૧૭થી સ્નાતક કક્ષાએ અમલમાં આવેલ સીબીસીએસ પધ્ધતિના અભ્યાસક્રમો સંદર્ભે ઈન્ટર્નલ માર્કસની પરીક્ષા અંગેના નિયમો, પ્રમોશનના નિયમો તેમજ ફાઉન્ડેશન અને સોફટસ્કીલ પરીક્ષાઓ માટે એકેડેમિક કાઉન્સિલ દ્વારા નિયુકત પેટા સમિતિએ નીચે મુજબ અહેવાલ આપેલ છે. જે અંગે અમલવારી કરવી.

**શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૬–૧૭થી અમલી બનેલ નવી સી.બી.સી.એસ. પધ્ધતિના ઈન્ટરનલ પરીક્ષા અંગેના નિયમોઃ**

આંતરિક પરીક્ષામાં કોલેજ (યુ.જી.) દરેક વિદ્યાર્થીએ દરેક પેપરનું ૩૦ માર્કસનું ૧ એસાઈન્ટમેન્ટ ફરજીયાત રજૂ કરવાનું રહેશે. તેમાં પાસ થવા માટે મીનીમમ ૧૨ માર્કસ મેળવવાના રહેશે. જો તેમાં વિદ્યાર્થી ફેઈલ થતો હોય તો યુનિવર્સિટીમાં માર્કસની સી.ડી. મોકલતા પહેલા પુનઃ એસાઈન્ટમેન્ટ રજૂ કરી શકશે. એસાઈન્ટમેન્ટ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પરીક્ષા શરૂ થવાની તારીખ પહેલા ૧ માસ પૂર્વે રજૂ કરવાના રહેશે. સદરહુ એસાઈન્ટમેન્ટ માર્કસ જે – તે કોલેજ દ્વારા પરીક્ષા વિભાગના નિયત ફોર્મેટમાં યુનિવર્સિટી પરીક્ષા શરૂ થવાના ૧૦ દિવસ પૂર્વે જ મોકલી આપવાના રહેશે. જો કોઈ વિદ્યાર્થી નિયત સમય મર્યાદામાં એસાઈન્ટમેન્ટ રજૂ કરી શકશે નહિ તો તે યુનિવર્સિટીની પરીક્ષા ટર્મ ગ્રાન્ટ થયેથી આપી શકશે પરંતુ તેનું યુનિવર્સિટી પરીક્ષાનું પરિણામ જાહેર થઈ શકશે નહિં. જે – તે વિષયના અધ્યાપકોએ આ એસાઈન્ટમેન્ટ ચેક કરીને કોલેજના આચાર્યશ્રીને – ૧૦ દિવસની અંદર નિયત ફોર્મેટમાં પરીક્ષા સીટ નંબર / યુનિક આઈ.ડી. સાથે માર્કશીટની સોફટકોપી અને હાર્ડકોપી જમા કરાવવાની રહેશે. અધ્યાપકે પોતાની સહી વાળી માર્કશીટની નકલ આચાર્યશ્રી પાસે ઓફીસ રેકર્ડ માટે આપવાની રહેશે.

ઉપરોકત ઈન્ટર્નલ માર્ક માત્ર પાસ થવા માટે મેળવવાના રહેશે. આ માર્ક તેમના પર્સનટેઝમાં (ટકાવારીમાં) કયાંય ગણતરીમાં લેવામાં આવશે નહિં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કોઈ વિદ્યાર્થી આંતરિક પરીક્ષા કે તેનો કોઈ પેપર કોઈ કારણોસર આપી શકયાં નથી કે ગેરહાજર રહયો હોય તેવા વિદ્યાર્થીએ ત્યાર પછીની લેવાતી પરીક્ષામાં પરીક્ષા વિભાગના શેડયુઅલ પ્રમાણે આંતરિક પરીક્ષાનું નિયત ફોર્મ ભરી આપી શકશે.

**શૈક્ષણિક વર્ષ : ૨૦૧૬–૧૭થી અમલી નવી સી.બી.સી.એસ. પધ્ધતિના પ્રમોશન અંગેના નિયમોઃ**

૧. પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ બીજા સેમેસ્ટરમાં આપોઆપ પ્રવેશ મળશે. પ્રથમ સેમેસ્ટર અને દ્વિતિય સેમેસ્ટર એમ બંન્ને સેમેસ્ટરના કુલ–૧૪ પેપરોમાંથી વિદ્યાર્થી જો ચાર કે તેથી ઓછા પેપરમાં ફેઈલ હોય તો તેનું પરિણામ ફેઈલ–એટીકેટી જાહેર કરી ત્રીજા સેમેસ્ટર અને ક્રમશઃ ચોથા સેમેસ્ટરમાં પ્રવેશ આપવો.

૨. ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનાર ચોથા સેમેસ્ટરમાં આપોઆપ પ્રવેશ મળશે. ઉપરોકત–૧ મુજબ તેવી જ રીતે ત્રીજા અને ચોથા સેમેસ્ટરના કુલ – ૧૪ પેપરોમાંથી ૪ કે તેથી ઓછા પેપરમાં ફેઈલ થનાર વિદ્યાર્થીનું પરિણામ ફેઈલ–એટીકેટી જાહેર કરવું અને આવા વિદ્યાર્થીને સેમેસ્ટર– ૫માં અને ક્રમશઃ સેમેસ્ટર–૬ માં પ્રવેશ આપવો.

# મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

નેક પ્રમાણિત "બી" ગ્રેડ

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, ગૌરીશંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪ ૦૦૧. ગુજરાત. ફોનઃ (P.B.X.) ૨૪૩૦૦૦૨–૬–૭/ ૨૫૧૧૧૫૬
કુલપતિઃ (ઓ) ૨૪૨૬૫૧૯ (ઘર) ૨૪૨૯૦૮૬ કુલસચિવઃ (ઓ) ૨૪૨૮૦૧૪ ફેક્સઃ (૦૨૭૮) ૨૪૨૬૭૦, ૨૫૧૩૯૪૩
ઈમેઈલઃ registrar@mkbhavuni.edu.in વેબસાઈટઃ www.mkbhavuni.edu.in

MAHARAJA KRISHNAKUMARSINHJI BHAVNAGAR UNIVERSITY


૩. પાંચમા સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનાર છઠ્ઠા સેમેસ્ટરમાં આપોઆપ પ્રવેશ મેળવશે. સેમેસ્ટર–૪ નું પરિણામ જાહેર કરતા પહેલા પ્રથમ બંને સેમેસ્ટર (એટલે કે સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર– ૨) ના તમામ વિષયો પાસ કરેલ હોય તો જ તેનું સેમેસ્ટર – ૪નું પરિણામ જાહેર કરવું.

૪. અંતિમ સેમેસ્ટર–૬ નું પરિણામ જાહેર કરતા પહેલા અગાઉના તમામ સેમેસ્ટરના તમામ વિષયો પાસ કરેલા હોવા જોઈશે. ત્યાં સુધી તેમનું સેમેસ્ટર – ૬નું પરિણામ કોઈપણ સંજોગોમાં જાહેર કરવામાં આવશે નહિં.

**<u>શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૬–૧૭ થી અમલી બનેલ નવી સીબીસીએસ પધ્ધતિના ફાઉન્ડેશન અને સોફટસ્કીલની પરીક્ષા અંગેના નિયમોઃ</u>**

ફાઉન્ડેશન અને સોફટસ્કીલ બંને વિષયોના ટિચીંગના કલાકો રેગ્યુલર કાર્યભારમાં ગણવા.

ઉપરોકત બંને વિષયોનું આંતરિક અને બાહય પરીક્ષાનું મૂલ્યાંકન જે–તે સંસ્થાએ કરવાનું રહેશે અને તેના માર્ક આંતરિક પરીક્ષાની સાથે યુનિવર્સિટીમાં નિયત સમયમર્યાદામાં મોકલી આપવાના રહેશે. આ બંન્ને પેપરોનું વેતન પરીક્ષા વિભાગના પ્રવર્તમાન નિયમો પ્રમાણે મહેનતાણું ચૂકવવાનું રહેશે અને આ તમામ વ્યવસ્થા કોલેજના આચાર્યશ્રીએ પોતાની સંસ્થાની અનુકૂળતા પ્રમાણે કરવાની રહેશે.

વધુમાં ફાઉન્ડેશન અને સોફટસ્કીલની પરીક્ષાનું શેડયુઅલ જે–તે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા પરીક્ષાના પ્રોગ્રામ સાથે (ટાઈમ – ટેબલ) સાથે આપવાનું રહેશે.

આ વિષયોનું પેપર સેટીંગ તથા મૂલ્યાંકન જે – તે સંસ્થાએ પોતે આપેલ વિષયો પ્રમાણે કરાવી યુનિવર્સિટીની પરીક્ષા પૂરી થયેથી મોડામાં મોડું દિવસ–૧૫માં પરીક્ષા વિભાગના નિયત ફોર્મેટમાં સોફટ કોપી તેમજ હાર્ડ કોપીમાં મોકલી આપવાના રહેશે. ત્યારબાદ વિલંબ માટેનું કોઈ કાબુ બહારનું કારણ હોય તો યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

આ પરીક્ષાના સંચાલન, પેપર સેટીંગ તથા મૂલ્યાંકનના મહેનતાણા યુનિવર્સિટીના વખતો–વખતના નિયમો મુજબ ચૂકવવાના રહેશે અને આગામી માર્ચ–૨૦૧૭ની પરીક્ષા પહેલા સમગ્ર પરીક્ષાની ફી માં જરૂરી વધારો કરવાનું પણ સૂચવવામાં આવે છે.

આ બંને વિષયોમાં પાસીંગ માર્કસ ૪૦% રહેશે. આ પરીક્ષાનું મૂલ્યાંકન તથા પેપર સેટીંગ જે – તે વિષય ભણાવતા અધ્યાપકો કાયમી કે મુલાકાતીને આચાર્યશ્રી પોતાની રીતે તજજ્ઞશ્રી તરીકે નિમણૂંક કરી શકશે. વધુમાં પરીણામની સુધારણા માટેની વિવેકાધીન સત્તા આચાર્યશ્રીની રહેશે.

**નોંધ : ઉપરોકત નિયમો જયાં કાઉન્સિલ હોય ત્યાં લાગુ પડશે નહિં.**

**ખાસ ફરજના અધિકારી**
**(એકેડેમિક વિભાગ)**

પ્રતિ,
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની વિનયન, વાણિજય, વિજ્ઞાન, મેનેજમેન્ટ અને ગ્રામવિદ્યા વિદ્યાશાખાઓ અંતર્ગત આવેલ સંચાલિત/સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી....

<u>નકલ જાણ સારુ:</u>
(૧) કુલપતિશ્રીના રહસ્ય સચિવ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર
(૨) કુલસચિવશ્રીના રહસ્ય સચિવ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર
(૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર
(૪) વિભાગીય અધિકારી, સામાન્ય વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર – સંદર્ભ ક્રમાંકઃ(૩)ના કોમ્પ્લાયન્સ સારુ